1. ઠંડા વાતાવરણ કરતાં ગરમ કે ભેજવાળા વાતાવરણમાં લોકોમાં કેવા વર્તનનું પ્રમાણ વધુ જોવા મળે છે?

- ઠંડા વાતાવરણ કરતાં ગરમ કે ભેજવાળા વાતાવરણમાં લોકોમાં ઉશ્કેરાટ કે આક્રમકતાવાળા વર્તનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

2. ઘોંઘાટની પરિસ્થિતિમાં વ્યક્તિનું વર્તન કેવું હોય છે?

- ઘોંઘાટની પરિસ્થિતિમાં કાર્ય કરવામાં વધારે શારીરિક અને માનસિક શક્તિઓ વપરાય છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ જલદી થાકી જાય છે અને તેનો સ્વભાવ ચીડિયો બની જાય છે.

3. સામાજિક - સાંસ્કૃતિક વાતાવરણમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- સામાજિક – સાંસ્કૃતિક વાતાવરણમાં ધોરણો, રિવાજો, મનોવલણો, પૂર્વગ્રહો, માન્યતાઓ અને સામાજીકરણની પ્રક્રિયાઓ જેવા બધા સાંસ્કૃતિક ઘટકોનો સમાવેશ થાય છે.

4. કર્ટ લેવિને વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેના સંબંધનું સ્વરૂપ દર્શાવવા કયો ખ્યાલ આપ્યો?

- કર્ક લેવિને વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેના સંબંધનું સ્વરૂપ દર્શાવવા જીવન અવકાશનો ખ્યાલ આપ્યો.

5. ‘ઘોંઘાટ’ એટલે શું?

- બિનજરૂરી, અણગમતા કે વ્યક્તિ પર નિષેધક અસર કરતા અવાજને ‘ઘોઘાટ’ કહે છે.

6. હવાનું પ્રદૂષણ કેવી રીતે ફેલાય છે?

- શહેરો અને તેની આસપાસના વિસ્તારોમાં કારખાનાંઓ અને વાહનોમાંથી નીકળતા ધુમાડા, કોલસી, તમાકુ બળવાથી નીકળતા ધુમાડા અને હવામાં તરતા રજકણોને લીધે હવામાં ભારે પ્રદુષણ ફેલાય છે.

7. હવાનું પ્રદૂષણ ઘટાડવા શું કરવું જોઈએ ?

- હવાનું પ્રદૂષણ ઘટાડવા વાહન માલિકોએ તેમના વાહનના પ્રદૂષણ સ્તરની તપાસ કરાવવી જોઈએ. બળતણ સીસા રહિત અને જરૂરી ગુણવત્તાવાળું હોવું જોઈએ. શુન્ય પ્રદૂષણ ધરાવતા કોંગ્રેસ્ટ નેચરલ ગેસ(CNG)થી ચાલતાં વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. કચરો કે સૂકાં પાંદડાં જાહેરમાં બાળવા પરના પ્રતિબંધનો ચુસ્ત અમલ થવો જોઈએ. ક્લોરોફ્લેરો કાર્બનનું ઉત્પાદન અને તેનો ઉપયોગ દૂર થવો જોઈઅ.

8. ‘ભીડ’ એટલે શું ?

- મર્યાદિત જગ્યામાં ઘણી બધી વ્યક્તિઓ રહેતી હોય તેને ‘ભીડ’ કહે છે. એકબીજાની બહુ પાસે હોવાથી ધક્કામુક્કીનો અનુભવ થતો હોય તેને ‘ભીડ’ કહે છે. ’ભીડ’ એ વ્યક્તિઓની એકબીજાની અડોઅડ હોવાની સ્થિતિનો નિર્દેશ કરે છે.

9. પર્યાવરણના ઓઝોન વાયુનું પડ પાતળું શેના કારણે થાય છે?

- રેફ્રિજરેટર માટે વપરાતો ક્લોરોફ્લેરો કાર્બનનો વધુ પડતો ઉપયોગ સૂર્યનાં અસ્ટ્રાવાયોલેટ કિરણોની જોખમી અસરો સામે રક્ષણ આપતા પર્યાવરણના ઓઝોન (Ozone) વાયુના પડને પાતળું કરી નાખે છે.

10. ગ્રીનહાઉસ અસર એટલે શું?

➢ વાવાઝોડાનું પ્રમાણ વધવું, હવામાનમાં અચાનક પરિવર્તન આવવું, તાપમાનના પ્રમાણમાં વધારો થવો, ઉત્તર અને દક્ષિણ ધ્રુવનીહિમશિલાઓનું ઓગળવું વગેરે. હવામાનમાં થતા આ પરિવર્તનને 'ગ્રીનહાઉસ અસર' કહે છે.

11. ભૌતિક પર્યાવરણમાં શેનો સમાવેશ થાય છે?

➢ ભૌતિક પર્યાવરણમાં ધરતીનો નિશ્ચિત દેખાતો વિસ્તાર, જંગલો અને માનવસર્જિત પર્યાવરણનો સમાવેશ થાય છે.

12. ભૌતિક વિશ્વમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ ભૌતિક વિશ્વમાં વ્યક્તિની આસપાસની ભૌતિક વાસ્તવિકતાઓ અને સાંસ્કૃતિક બાબતોનો સમાવેશ થાય છે.

13. સામાજિક પર્યાવરણમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ સામાજિક પર્યાવરણમાં માતાપિતા દ્વારા મેળવાતાં સામાજિક ઉદ્દીપકો, સમવયસ્કોનાં મનોવલણો અને વિવિધ પડકારોનો સમાવેશ થાય છે.

14. સાંસ્કૃતિક પર્યાવરણમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ સાંસ્કૃતિક પર્યાવરણમાં સાહિત્ય રચનાઓ, કલાકારીગરી, સ્થાપત્ય વગેરે જેવી માનવસર્જિત મૂર્ત અને અમર્ત સામગ્રીનો સમાવેશ થાય છે.

15. કઈ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓને વર્તન તરીકે ઓળખવામાં આવે છે?

➢ વિચારણા, કલ્પના, લાગણી, શિક્ષણ, પ્રેરણા, આવેગો વગેરે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓને વર્તન તરીકે ઓળખવામાં આવે છે.

16. પર્યાવરણના પાંચ ઘટકો કયા કયા છે?

➢ પર્યાવરણના મુખ્ય પાંચ ઘટકો આ પ્રમાણે છે :

  - ✓ (1) ભૌતિક પયવિરણ,
  - ✓ (2) સામાજિક અને સાંસ્કૃતિક પર્યાવરણ,
  - ✓ (3) પર્યાવરણીય અભિમુખતા,
  - ✓ (4) પર્યાવરણીય વર્તન અને
  - ✓ (5) વર્તનોની નીપજો.

17. પર્યાવરણીય વર્તનમાં શેનો સમાવેશ થાય છે?

➢ માનવી પોતાની સામાજિક આંતરક્રિયાઓ દરમિયાન પર્યાવરણનો જ ઉપયોગ કરે છે, તેનો પર્યાવરણીય વર્તનમાં સમાવેશ થાય છે.

18. વર્તનોની નીપજોમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- માનવીઓના પ્રયત્નો દ્વારા તૈયાર થયેલાં રહેઠાણો, શહેરો, બંધો તેમજ વાતાવરણીય પરિવર્તનોનો વર્તનોની નીપજોમાં સમાવેશ થાય છે.

19. પર્યાવરણીય તનાવો શાનો નિર્દેશ કરે છે?

- પર્યાવરણ માનવીના વર્તનને અસર કરે છે અને માનવી પર્યાવરણને અસર પહોંચાડે છે. પર્યાવરણીય તનાવો આ પારસ્પરિક સંબંધોનો નિર્દેશ કરે છે.

20. અવાજનું પ્રદૂષણ કેવી પરિસ્થિતિઓ સર્જે છે?

- અવાજનું પ્રદૂષણ વ્યક્તિમાં તીવ્ર ઉત્તેજના, તનાવ, ધ્યાનની એકાગ્રતામાં ભંગ, વાંચન શક્તિમાં ઘટાડો તેમજ કર્તૃત્વમાં ઘટાડા જેવી પરિસ્થિતિઓ સર્જે છે.

21. ઘોંઘાટની પ્રતિકૂળ અસરો શેના પર આધાર રાખે છે?

- ઘોંઘાટની પ્રતિકૂળ અસરો મોટે ભાગે ઘોંઘાટની તીવ્રતા અવાજની અપેક્ષિતતા અને વ્યક્તિની ગ્રહણશક્તિ પર આધાર રાખે છે.

22. ઍરપોર્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિઓ કેવા રોગોના ભોગ બને છે ?

- ઍરપોર્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિઓ વિમાનોની આવનજાવનને લીધે થતા મોટા અવાજોને કારણે સ્મૃતિલોપ, બહેરાશ કે લોહીનું ઊંચું દબાણ જેવા રોગોના ભોગ બને છે.

23. હવાના પ્રદૂષણથી કેવી બીમારીઓ થાય છે?

- નાગરિકોના શ્વાસમાં કાર્બન મોનૉક્સાઇડ, નાઇટસ ઑક્સાઇડ, સલ્ફર ડાયૉક્સાઇડ જેવા ઝેરી વાયુઓ અને સીસાનાં ઝેરી સંયોજનો જાય છે. તેથી શ્વાસના રોગો, બળતરા, કેન્સર અને બીજી બીમારીઓ થાય છે.

24. ગીચતા શેનો નિર્દેશ કરે છે?

- ગીચતા એ દર ચોરસ મીટરે વ્યક્તિઓની ચોક્કસ સંખ્યાનો નિર્દેશ કરે છે.

25. ભીડ શેનો નિર્દેશ કરે છે ?

- ભીડ એ એકબીજાની ખૂબ નજીક હોવાની વ્યક્તિલક્ષી લાગણીનો નિર્દેશ કરે છે.

26. ભીડની કઈ નિષેધક અસરો જોવા મળે છે?

- ભીડની કાર્યકર્તુત્વ, વ્યક્તિત્વ, આંતરવૈયક્તિક સંબંધો, વ્યક્તિના સામાન્ય શારીરિક અને માનસિક સ્વાથ્ય પર નિષેધક અસર જોવા મળે છે.

27. માનવી ભીડમાં કેવી લાગણી અનુભવે છે?

- માનવી જ્યારે ભીડ અનુભવે છે ત્યારે તેમાં લક્ષ્ય પ્રાપ્તિમાં અવરોધ, અનુચિત હસ્તક્ષેપ તેમજ માનસિક અને શારીરિક બેચેનીની લાગણી અનુભવે છે.

28. પર્યાવરણ દ્વારા માનવજાતને મળેલ અણમોલ ભેટ કઈ છે?

- હવા, પાણી, ખોરાક, બળતણ વગેરે તમામ પદાર્થો પર્યાવરણ દ્વારા માનવજાતને મળેલ અણમોલ ભેટ છે.

29. પર્યાવરણની જાળવણી માટેનો વિધાયક અભિગમ કયો છે?

- નકામા કાગળ, કાચ, પ્લાસ્ટિક અને ધાતુ પર પુનઃપ્રક્રિયા કરી તેને પુનઃઉપયોગમાં લેવા એ પર્યાવરણની જાળવણી માટેનો ખૂબ જ વિધાયક અભિગમ છે.

30. પર્યાવરણની સમસ્યાઓને ઉકેલવામાં કોણ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે ?

- પર્યાવરણની મોટા ભાગની સમસ્યાઓ માનવસર્જિત છે. જેથી માનવવર્તનની સુધારણામાં સમાજ - મનોવૈજ્ઞાનિકો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

31. ઓઝોન વાયુનું પડ શાથી પાતળું થાય છે?

- રેફ્રિજરેટર માટે વપરાતા ક્લોરોફ્લેરો કાર્બનનો વધુ પડતો ઉપયોગ, સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણોની જોખમી અસરો સામે રક્ષણ આપતા પર્યાવરણના ઓઝોન વાયુના પડને પાતળું કરી નાખે છે.

32. ચામડીના કેન્સરનું પ્રમાણ વધવાનું કારણ કયું છે ?

- પૃથ્વીને રક્ષણ પૂરું પાડનાર ઓઝોનનું પડ પાતળું થવાને કારણે ચામડીના કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.

33. પર્યાવરણ અભિમુખ વર્તનને પ્રોત્સાહન આપનાર મુખ્ય અભિગમો કયા કયા છે?

- પર્યાવરણ અભિમુખ વર્તનને પ્રોત્સાહન આપનાર મુખ્ય અભિગમો આ પ્રમાણે છે :
  - ✓ (1) સ્વૈચ્છિક સાદગી,
  - ✓ (2) નક્કર વાસ્તવિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું,
  - ✓ (3) વાર્તનિક ધોરણો પૂરાં પાડવાં અને
  - ✓ (4) સંગઠિત જૂથ પ્રવૃત્તિઓ.

34. દિલ્લી તેમજ મોટાં શહેરોમાં વાહન માલિકો માટે કયો નિયમ ફરજિયાત છે?

- દિલ્લી તેમજ મોટાં શહેરોમાં વાહન માલિકોએ તેમના વાહનના પ્રદૂષણ સ્તરની તપાસ કરાવી પ્રદુષણ તપાસ અંગેનું પ્રમાણપત્ર (ઞ્ઞ) વાહન પર લગાડવું ફરજિયાત છે.

35. દિલ્લી અને અમદાવાદ જેવા શહેરોમાં કેવાં વાહનોનો ઉપયોગ થવા લાગ્યો છે?

- દિલ્લી અને અમદાવાદ જેવા શહેરોમાં શુન્ય પ્રદૂષણ ધરાવતા કોંગ્રેસ્ડ નેચરલ ગેસ (ઞ્નય) આધારિત વાહનોનો ઉપયોગ થવા લાગ્યો છે.

36. કયા મનોવૈજ્ઞાનિક પર્યાવરણ વચ્ચે રહેલ વ્યક્તિને જીવન અવકાશ કહે છે?

- કર્ટુ લેવિન પર્યાવરણ વચ્ચે રહેલ વ્યક્તિને જીવન અવકાશ કહે છે.

37. ફ્રિજમાં કયો વાયુ વપરાય છે?

- ફ્રિજમાં ક્લોરોફ્લ્યુરોકાર્બન નામનો વાયુ વપરાય છે.